બોરીજ, સે. ૧૨માંથી સ્વાઈન ફ્લુના કેસ મળી આવ્યા

શહેરમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૮ થઈ, બન્ને દર્દી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાંથી પણ આજે બે કેસ સ્વાઈન ફ્લુના પોઝીટીવ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા વધીને ૮ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે બોરીજ ગામની ૪૦ વર્ષીય મહિલાને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે. આ ઉપરાંત સે. ૧૨માંથી એક ૫૫ વર્ષીય પુરૂષને પણ સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાઈ આવેલ છે.

આ બન્ને દર્દીઓ હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બન્ને દર્દીની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે. તંત્ર દ્વારા બન્ને દર્દીના ઘરની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી કરવામાં આવી છે. જોકે અન્ય કોઈ શંકાસ્પદ દર્દી મળી આવેલ નહિ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફ્લુ તેમજ વાહકજન્ય રોગોના કેસો નવા સેક્ટરોમાંથી વધુ મળતા હોવાથી તંત્રએ સર્વેલન્સને સઘન બનાવવા માટેની સૂચનાઓ જારી કરી છે. આજે બોરીજ જે ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગામમાંથી પણ કેસ મળી આવતાં તંત્ર હરકતમાં આવ્યું છે.

સ્વાઈન ફ્લુના વધુ બે કેસ મળ્યા

જિલ્લાનો આંક ૩૩ પર પહોંચ્યો : ૮ દર્દી સારવાર હેઠળ છે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધુ બે કેસ મળતાં જિલ્લામાં દર્દીઓની સંખ્યા ૩૩ પર પહોંચી છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના કુડાસણમાંથી અને દહેગામ તાલુકાના હાલીસામાંથી આ બે કેસ પોઝીટીવ આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના કુડાસણ ગામની ૪૬ વર્ષીય મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવેલ છે. જ્યારે દહેગામ તાલુકાના હાલીસામાં ૪૭ વર્ષીય પુરૂષ દર્દીને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવેલ છે. આ બન્ને દર્દીઓની સ્થિતિ સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર તાલુકામાં સ્વાઈન ફ્લુના પોઝીટીવ કેસોની સંખ્યા સતત વધી રહી છે તેમજ જિલ્લામાં સૌથી વધુ મોત આ રોગને કારણે પણ આ તાલુકામાં થયા છે. જે તંત્ર માટે સૌથી વધુ ચિંતાજનક બન્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં આ રોગના ૧૭ દર્દી સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે ૬ દર્દીના મોત નીપજ્યા છે. હાલ જુદી જુદી હોસ્પિટલોમાં ૮ દર્દીઓ સારવાર હેઠળ છે.

વાવોલમાં પણ એક કેસ મળ્યો છે જે ગઈકાલથી સારવાર હેઠળ છે જે નોંધનીય છે.

સે. ૭માં ચિકનગુનિયાનો કેસ

ગાંધીનગર શહેરના સે. ૭માંથી ચિકનગુનિયાનો એક કેસ નોંધાતા તંત્ર દોડતુ થયુ છે. અગાઉ ચિકનગુનિયાના ત્રણ કેસ નોંધાયા હતા. આ સાથે શહેરમાં ચિકનગુનિયાનો આ ચોથો કેસ નોંધાયો છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૭માં ૯૬૩/૧માં રહેતા જયેશભાઈ મેવાડાને ચિકનગુનિયા જણાયો છે. ચિકનગુનિયા ઉપરાંત શહેરમાં ડેન્ગ્યુનો પણ એક કેસ આજે સે. ૨૪માંથી મળી આવ્યો છે. શહેરી મેલેરિયાતંત્રએ તેની કામગીરી આ કેસોને લઈ હાથ ધરી છે.

પંચાયતમાં પ્રવાસની મોસમ અને બિમારીની બોલબોલા...

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પ્રવાસની મોસમ ખીલવા પામી છે. બાંધકામ સમિતિના ચેરમેન ભાવિનસિંહ ઠાકોર અને કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન અરવિંદસિંહ સોલંકી દુબઈના પ્રવાસે ગયા છે. તો જિલ્લા પંચાયતના પ્રમુખ અને બે સભ્યો રણુંજા અને અજમેરના પ્રવાસે ગયા છે.

બીજી તરફ આજે પંચાયત કર્મચારી મંડળની બેઠક અંબાજી ખાતે મળનાર હોવાથી કર્મચારી આગેવાનો અંબાજી જવા રવાના થયા છે.

જો કે પંચાયતમાં બિમારી પણ કર્મચારીઓમાં ચર્ચાનો વિષય બન્યો છે. પંચાયતના ૪ થી વધુ કર્મચારીઓ સિઝનલ બિમારીમાં સપડાયા છે. એક અધિકારી પણ વાઈરલ ફિવરની ઝપટમાં આવ્યાની વાતો છે.

ઉમિયા આર્ટસ કોલેજ- ગજાનન સેવા સમિતિના સભ્યો દ્વારા સફાઈ ઝુંબેશ

ગાંધીનગર, તા. ૬

સોલા સ્થિત ઉમિયા આર્ટસ અને વાણીજ્ય કોલેજના પ્રિન્સીપાલ ડો.સંગીતા ઘાટેના સહયોગથી એનએસએસ યુનિટના ૩૦ સ્વંયસેવકો સાથે રહી ગજાનન સેવા સમિતિના સભ્યો સાથે રહીને ખોડીયાર રેલ્વે સ્ટેશનની સફાઈ હાથ ધરવામાં આવી હતી.

ગાંધી જયંતિના દવિસે સવારે ૮ થી ૧૦ કલાક દરમિયાન રેલ્વેના સહયોગથી આ ભગીરથ કાર્ય કરવામાં આવ્યું હતું. રેલ્વે સ્ટેશન ખાતે પ્લેટફોર્મ, ઓવરબ્રીજ, સ્ટેશનમાં અંદર આવવાનો માર્ગ સહિતની સફાઈ કાર્યકરો દ્વારા કરવામાં આવી હતી. જયારે સાવરણા, પોતા, થેલા, સાથે આરંભાયેલ આ કાર્ય દ્વારા સ્ટેશનની કાયાપલટ કરી દીધી હતી.

જીટીયુના નિયમમાં ફેરફારને પગલે એનએસયુઆઈનું આવેદનપત્ર

ગાંધીનગર, તા.૬

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીની તાજેતરમાં યોજાયેલી એક બેઠકમાં લેવાયેલો નિર્ણય વિદ્યાર્થીઓ માટે ઝોખમી પુરવાર થાય તેમ લાગી રહ્યું છે. જે પરિક્ષામાં પહેલા ૨૩ ગુણ આવે તો તે વિદ્યાર્થીને પાસ ગણવામાં આવતો હતો. તેની જગ્યાએ હવે જીટીયુ દ્વારા ૨૮ ગુણ કરવામાં આવી રહ્યા છે. જે વિદ્યાર્થીઓને અન્યાય કરતા હોય તેમ લાગી રહ્યું છે. જીટીયુના આ નિર્ણય ને એનએસયુઆઈ દ્વારા વિરોધ નોંધાવી જીટીયુના કુલપતિને આવેદન પત્ર પાઠવી વિદ્યાર્થીઓના હિતને ધ્યાને રાખી યોગ્ય કરવા રજુઆત કરવામાં આવી છે. જયારે આ અંગે જીટીયુ દ્વારા યોગ્ય નિર્ણય નહીં કરવામાં આવે તો એનએસયુઆઈ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી એનએસયુઆઈ ગુજરાત પ્રદેશના મહામંત્રી અમિત પારેખે ઉચ્ચારી છે.

ગુજરાત રાજયની સૌથી

મોટી અને પ્રખ્યાત યુનિવર્સિટી તરીકે ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી મોખરે છે. ત્યારે યુનિવર્સિટીની બેઠકમાં એક નિર્ણય ખોટો લેવાઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. રાજયમાં શિક્ષણનું સ્તર દિન પ્રતિદિન ઘટી રહ્યું છે. ત્યારે રાજયના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણનો ગ્રાફ કેવી રીતે ઉંચે લઈ જવાય તેની મથામણ ચાલી રહી હોય છે. ત્યારે જીટીયુ દ્વારા ૨૩ માર્કે પાસ થતા વિદ્યાર્થીઓને હવે ૨૮ માર્ક પાસના કરી દેતા વિદ્યાર્થીઓના અભ્યાસ માટે આ નિર્ણય ઝોખમી સાબિત થઈ શકે છે. રી-એસેસમેન્ટ તેમજે રી-ચેંકીગના નામે એમ પણ પહેલેથી રૂપીયા ઉઘરાવતા વિદ્યાર્થીઓને આર્થિક નુકસાનનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે આ પ્રકારના નિર્ણય લઈને જીટીયુ પોતાની તિજોરી ભરવા માંગતી હોય તેમ એનએસયુઆઈને લાગી રહ્યું છે. બીઓજી દ્વારા લેવાયેલ તુઘલખી નિર્ણયને રદ કરી ૨૩ ગુણ જ રાખવામાં નહીં આવે તો એનએસયુઆઈ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી એનએસયુઆઈના પ્રવકત સુધીર રાવલ, ગુજરાત પ્રદેશ મહામંત્રી અમિત પારેખ અને ગૌરાગ મકવાણાએ ઉચ્ચારી છે. જયારે આ અંગે એનએસયુઆઈ દ્વારા જીટીયુના કુલપતિને આવેદન પત્ર પાઠવી યોગ્ય નિર્ણય કરવા રજુઆત કરાઈ છે.

નવરાતમાં બહેન-દિકરીઓની રક્ષા કાજે બજરંગ દળ ખડેપગે રહેશે

ગાંધીનગર તા ૬

નવલા નવરાત પર્વમાં બજરંગ દળ બહેન દીકરીઓની સુરક્ષા કાજે ખડેપગે રહેશે. દરવર્ષની જેમ આ વર્ષે પણ બજરંગ દળ દ્વારા લવ જેહાદ મુદ્દે ખૈલૈયાઓ પર તિલક કરી ગૌ મુત્રનો છંટકાવ કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લાના પ્રમુખ શકિતસિંહ ગોહીલે જણાંવ્યા મુજબ લવ જેહાદ મુદ્દે બહેન દિકરીઓની રક્ષા માટે ખડેપગે રહીશુ. જયારે પાર્ટીપ્લોટ અને શેરી ગરબામાં બજરંગ દળના કાર્યકરો ઉભા રહેશે. ગરબા મેદાનમાં આવતા ખૈલૈયાઓ તેમજ ગરબા રસિકો પર ગૌ મુત્રનો છંટકાવ કરી તિલક કરવામાં આવશે. પાર્ટી પ્લોટસ ઉપરાંત શેરી ગરબામાં પણ બજરંગ દળના યુવાનો નજર રાખશે.

ગુજરાતના પાંચ ખેલાડીઓને એશિયન રોલર સ્કેટીંગમાં નામ રોશન કર્યું

ગાંધીનગર, તા.૬

સાઉથ કોરીયામાં તા. ૪ થી ૯ સપ્ટેમ્બર દરમિયાન ૧૮મી એશિયન રોલર સ્કેટીંગ ચેમ્પીયનશીપ યોજાઈ હતી. જેમાં ગુજરાતના બે ખેલાડીઓએ ગોલ્ડ અને ત્રણ ખેલાડીઓએ સિલ્વર મેડલ્સ જીત્યા હતા. એશિયન રોલર સ્કેટીંગમાં અમદાવાદના સ્કેટર્સ છવાઈ ગયા હતા. મિશ્રી પરીખે ફીગર સ્કેટીંગનો જુનિ.કેટેગરીમાં અને દ્વીપ શાહે કેડેટ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યા હતા. દ્વીપનો આ કેડેટ કેટેગરીનો સતત બીજો ગોલ્ડ હતો. પણ તેઓ થોડા માટે મેડલ ચુકી ગયા હતા અને ચોથા ક્રમે રહ્યા હતા. ભારતીય ટીમના કોચ તરીકે જયુતિકા દેસાઈ હાજર રહ્યા હતા. જયારે ચેમ્પિયનશીપમાં જજ તરીકે ડો.કિરણ દેસાઈએ જવાબદારી સંભાળી હતી.

એશિયન ચેમ્પિયનશીપમાં ૧૮ દેશોના સ્કેટર્સે ભાગ લીધો હતો. જયારે અમદાવાદ-ગાંધીનગરમાં ડોકટર તરીકે ફરજ બજાવતા ડો.વિમલ બાબુભાઈ ચૌહાણ અને ડો.શિતલ ચૌહાણની દિકરી યશ્વી ચૌહાણે કઠોર પરિશ્રમથી સિલ્વર મેડલ મેળવ્યો છે.

શહેર-જિલ્લાના અડધોઅડધ પગાર-પ્રમોશનના મામલે તલાટીઓના ધરણા

રાજયમાંથી ૩ હજાર તલાટીઓ જોડાયા : સરકાર માંગણીઓ નહીં સ્વીકારે તો હડતાલની ચિમકી

ગાંધીનગર તા ૬

ગુજરાત રાજય તલાટી મંડળ દ્વારા આજે સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બઢતી , ફીકસ નોકરના સમયગાળાને સળંગ ગણવા મહેસુલ તલાટીનો જોબચાર્ટ બનાવવા સહીત પંચાયત તલાટીના પ્રશ્નાને અનુલક્ષી વારંવાર કરાયેલી રજુઆતોને ધ્યાને નહીં લેવાતા રાજયભરમાંથી આવેલા ૩ હજાર જેટલા તલાટીઓએ આજે સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા કર્યા હતા. આ દરમિયાન શાંતિપુર્વકના ધરણાના કાર્યક્રમના અંતે તલાટી મહામંડળના પ્રતિનિધિઓએ પ્રશ્નોના નિકાલની બુલંદ માંગ સાથે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યુ હતુ.

પંચાયત વિભાગના તલાટીઓ વિવિધ પ્રશ્નોને અનુલક્ષીને લડત આપી રહ્યા છે. તલાટી મહામંડળ દ્વારા અનેકવાર સરકારને રજુઆત કરવા છતા કોઈ નિરાકરણ નહીં આવતા પગાર તેમજ પ્રમોશન સહીતના પ્રશ્નોના ઉકેલ માટે આજે તલાટી કમ મંત્રીઓએ ગાંધીનગરમાં ધરણા કર્યા હતા. પંચાયત સંવર્ગના તલાટી કમ મંત્રીને ઘણાં સમયથી ઉચ્ચતર પગાર ધોરણ આપવાના મામલે અન્યાય થઈ રહ્યો હોવાની લાગણી પ્રબળ બની છે. જયારે તલાટીઓને બઢતીની તકો પણ મળતી નથી. જયારે સરકાર કક્ષાએથી કરવામાં આવેલા ઠરાવનો પણ અમલ થતો નથી. જયરે સર્કલ ઈન્સપેકટરની જગ્યા વિસ્તરણ અધિકારી પંચાયતમાં અપગ્રેડ કરવામાં આવી છે. જેને અનુલક્ષીને પણ બઢતી સંદર્ભે પણ અર્થઘટન બદલાયુ છે. આ મામલે પણ તલાટી મહામંડળે અનેકવાર સરકાર સમક્ષ રજુઆત પણ કરી છે. અગાઉ મુખ્યમંત્રી સુધી વિવિધ પ્રશ્નોને લઈને રજુઆત કરવામાં આવી છે. પરંતુ કોઈ નિરાકરણ આવ્યુ નથી. તલાટી મહામંડળની વિવિધ માંગણીઓને અનુલક્ષીને આજે ગાંધીનગર ખાતે રાજયના જુદા જુદા વિસ્તારમાંથી ૩ હજાર જેટલા તલાટીઓ એકત્રિત થયા હતા. આ તલાટી કમ મંત્રીઓ કક્ષાએથી શાંતિપુર્વક ધરણા કર્યા હતા. જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી મહામંડળની માંગણી સંતોષવા પણ રજુઆત કરી હતી. મીડીયા કન્વીનર ગૌતમ બ્રહ્મભટ્ટે જણાંવ્યુ હતુ કે આજે ધરણાના કાર્યક્રમ દરમિયાન તલાટીઓએ હાથમાં સાઈન બોર્ડ રાખી સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. જયારે સરકાર માંગણીઆનો સ્વીકાર નહીં કરે તો આગામી દિવસોમાં તલાટી કમ મંત્રીઓ કામકાજથી અળગા રહી હડતાલ પર ઉતરશે.

પોલીસ સ્ટેશન ચાર્જમાં રહેશે

ગાંધીનગર, તા. ૬

શુક્રવારે મોડી સાંજે પીઆઈ ટુ ડીવાયએસપીનાં પ્રમોશનની યાદી બહાર પડી હતી જેમાં ગાંધીનગર જિલ્લાના ૮ પી.આઈનો સમાવેશ છે. જિલ્લામાં ૨૧ પીઆઈ હતા જે પૈકી ૮ પી.આઈના પ્રમોશન આવતા હવે અધિકારીઓ જિલ્લામાંથી છુટા થશે

પીઆઇ ટુ ડીવાયએસપીનાં પ્રમોશનના લિસ્ટમાં જિલ્લાના ૮ પી.આઇનો સમાવેશ : વાઇબ્રન્ટ સમિટ માથે છે ત્યારે જિલ્લામાં અનુભવી પોલીસ ઓફિસર એક પણ રહ્યા નહિ : જિલ્લાના ૨૧ પીએસઆઇ રીફ્રેશર કોર્ષમાં કરાઈ ગયેલા છે : પીએસઆઈના પ્રમોશન જોવાતી રાહ

એટલે ગાંધીનગર જિલ્લામાં પીઆઈની મોટી ઘટ પડશે. નોંધનીય બાબત એ છે કે જિલ્લામાં મહત્વની જગ્યા ઉપર ફરજ બજાવી રહેલા અને કાઈમ કંટ્રોલ તથા કાઈમ પ્રિવેન્શન ઉપરાંત ટ્રાફીક સહિતની મહત્વપૂર્ણ કામગીરી સંભાળી રહેલા મોટાભાગનાં પોલીસ ઈન્સ્પેક્ટર્સનુ આ યાદીમાં નામ હોવાથી જિલ્લાની અનુભવી પોલીસ અધિકારીઓની યાદી ટૂંકી ટચ થઈ જશે.

એક તરફ વાયબ્રન્ટ સમિટ માથે છે ત્યારે ગાંધીનગર જિલ્લામાં અનુભવી પોલીસ અધિકારીઓની ખૂબ જ જરૂર છે. આ જ સમયે જિલ્લાના આઠ પોલીસ ઈન્સ્પેક્ટરને બઢતી મળતા જિલ્લામા અનુભવી પોલીસ અધિકારીઓ ગણ્યાગાંઠ્યા રહી જશે. ગઈકાલે મોડી સાંજે પીઆઈ ટુ ડીવાયએસપીના પ્રમોશનની આવેલી યાદીમાં ગાંધીનગર જિલ્લાના ૮ પીઆઈ હવે ડીવાયએસપી બન્યા છે. જેમાં ગાંધીનગર એલસીબી પી.આઈ જે ડી પુરોહિતને સીઆઈડી કાઈમ બોર્ડર રેન્જ ભુજ, એસ.ઓ.જી પી.આઈ પરેશ સોલંકી ને દાહોદ, ટ્રાફિક પીઆઈ બી.જે વ્યાસને વડોદરા જી.યુ.વી.એન.એલ, મહિલા પીઆઈ મીનાક્ષીબેન પટેલ ને અમદાવાદ, સાંતેજ પીઆઈ આર.બી.રાણા ને અમદાવાદ, દહેગામ પી.આઈ કે એચ સૂર્યવંશી હિંમતનગર, સેક્ટર-૭ પી આઈ કે કે પંડ્યાને વડોદરા જીયુવીએનએલ અને સેક્ટર-૨૧ પીઆઈ વી એન યાદવને કચ્છ નખત્રાણા ડી.વાય.એસ.પી તરીકે મૂકવામાં આવ્યા છે. ઉપરોક્ત તમામ આઠ પી.આઈ જિલ્લામાં મહત્વપૂર્ણ જગ્યા ઉપર હતા. હવે આ તમામ જગ્યાઓ ખાલી પડશે એટલે અનુભવી અધિકારીઓની ઘટ ને કારણે જિલ્લામાં કાઈમ પ્રિવેન્શન સહિતની બાબતો ઉપર સવાલો ઉભા થાય તેવી શક્યતા છે. જિલ્લામાં ૨૧ પીઆઈ હતા જે પૈકી આઠ ને બઢતી મળતા હવે ૧૩ જ પીઆઈ વધ્યા છે. તો બીજી તરફ જિલ્લામાંથી ૨૧ પી.એસ.આઈ કરાઈ ખાતે રીફ્રેશર કોર્ષમાં ગયેલા છે. જેને પગલે ગાંધીનગર જિલ્લામાં હાલ પી.આઈ પી.એસ.આઈ કક્ષાના અધિકારીઓની મોટી ઘટ સર્જાઈ છે. હવે પીએસઆઈના પ્રમોશનની રાહ જોવાઈ રહી છે. આ યાદીમાં ગાંધીનગરને વધુ પીઆઈ મળે તેવી શક્યતા છે. બીજી તરફ ડીવાયએસપી કક્ષાના અધિકારીનું ગાંધીનગર જિલ્લાનું મહેકમ ફૂલ થઈ ગયું છે. ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર ડિવિઝનમાં ડીવાયએસપી એસ.કે.રહેવર અને એસ.સી-એસ.ટી સેલમાં પી.જે. ચૌધરી તથા સલામતી શાખામાં ડીવાયએસપી જાદવને મૂકવામાં આવ્યા છે. તે ઉપરાંત ગાંધીનગર એસીબી માંથી મહિલા પીઆઈ ક્રિષ્ણાબા ડાભીની બઢતી સાથે બદલી થવા પામી છે. તો બીજી તરફ ગાંધીનગર જિલ્લામાંથી પી.આઈ પદેથી બઢતી લઈને અમદાવાદ ગયેલા એસીપી આશુતોષ પરમારની એસીબી ગાંધીનગર ડિવીઝન ખાતે બદલી થવા પામી છે. નોંધનીય બાબત છે કે જિલ્લાના પોલીસ વડા મયુરસિંહ ચાવડા હૈદરાબાદ ખાતે તાલીમમાં ગયા હતા જે સોમવારે જિલ્લાનો ચાર્જ સંભાળનાર છે. જિલ્લાનો ચાર્જ સંભાળ્યા બાદ જિલ્લા પોલીસ વડા પીઆઈની બદલીઓ કરીને રિશફલિંગ કરશે.

કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા

જાહેર નિવિદા નં. ૦૯/૨૦૧૮-૧૯

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ મોડાસા (ફોન નં. ૦૨૭૭૪ ૨૫૦૦૨૦) દ્વારા અલગ-અલગ કામ જેની અંદાજીત કિંમત પ.૮૮૯ લાખથી ૨૮૧.૮૦ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડરો માંગવામાં આવે છે. જે વેબસાઈટ http://rnb/nprocure.com ઉપર તા. ૯/૧૦/૨૦૧૮ થી ૨૨/૧૦/૨૦૧૮ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.stattenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

કાર્યપાલક ઈજનેર
અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ
મોડાસા

માહિતી/હિંમત/૩૪૮/૧૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ